**મુંબઇથી અમદાવાદમાં સપ્લાય થતો ગેરકાયદેસરનો નશીલો પદાર્થ મેફેડ્રોન (M.D) તથા કોકીનના રૂ.61,10,000/ ના જથ્થા સાથે ત્રણ ઇસમોને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના ખાસ પોલીસ કમિશનર શ્રી અજયકુમાર તોમર સાહેબ, નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ, તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશનરશ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓની પ્રતિબંધિત માદક પદાર્થોની તસ્કરી કરતા ઇસમોને ઝડપી પાડી ગુજરાતમા પ્રતિબંધીત માદક પદાર્થોની હેરાફેરી અટકાવી આ પ્રવુતી નેસ્તનાબુદ કરવા આપેલ સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.વી.ગોહીલ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી તથા પોલીસ ઇન્સપેકટરશ્રી ડી.બી.બારડનાઓ તથા ટેક.પો.સબ.ઇન્સ.શ્રી કે.પી.પટેલ તથા સ્ટાફના માણસો આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા કાર્યરત હતા, દરમ્યાન પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરાને મળેલ બાતમી હકિકત આધારે તા.૧૬/૧૧/૨૦૧૯ ના રોજ ઉપરોકત ટીમ દ્વારા અમદાવાદ શહેર કાલુપુર મોતીમહેલ હોટલ પાસે એ.એમ.ટી.એસ.બસ સ્ટોપ બસ પાસે જાહેરમાંથી આરોપીઓ (૧) રમેશ દિપચંદ રાઠોડ ઉ.વ.૪૯ રહે, મુંબઇ મહારાષ્ટ્ર (૨) અઝરૂદીન @ અઝહર સ/ઓ સાહબુદીન શેખ ઉ.વ.૩૨ રહે, પટવા શેરી, કારંજ, અમદાવાદ (૩) અરબાઝ બાબુભાઇ કુરેશી ઉ.વ.૨૦ રહે, સલાપસ રોડ, કારંજ અમદાવાદનાઓની ધરપકડ કરી તેમની પાસેના (૧) વગર પાસ પરમીટ અને ગેરકાયદેસરનો નશીલા પદાર્થ મેફેડ્રોનનો જથ્થો વજન ૩૦૫ ગ્રામ કિંમત રૂ.૩૦,૫૦,૦૦૦/ (૨) વગર પાસ પરમીટ અને ગેરકાયદેસરનો કોકીનનો જથ્થો વજન ૫૧ ગ્રામ કિં રુ ૩૦,૬૦,૦૦૦/ (૩) રોકડ રૂ.૩,૫૩,૬૫૦/ તેમજ બીજી મત્તા મળી કુલ્લે કિં રુ ૬૫,૨૭,૧૫૦/ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામા આવેલ છે.

આ કામે ધરપકડ કરેલ આરોપીઓ પૈકી આરોપી રમેશ દિપચંદ રાઠોડ જે છેલ્લા ૨૫ વર્ષથી રેલ્વે વિભાગમાં કોન્ટ્રાકટ હેઠળ ચાલતા કેટરીંગના ધંધામાં વેઇટર તરીકે નોકરી કરેછે, જે ઇસમ મુંબઇના ડ્રગ્સ ડીલરોના સંપર્કમાં હોઇ જેથી મુંબઇ થી અમદાવાદ સુંધી પોતાની દરરોજ ઉપડતી શતાબ્દી ટ્રેન ની ફરજ દરમ્યાન નશીલા પદર્થોની હેરાફેરી કરેલ છે. અને તા.૧૬/૧૧/૧૯ ના રોજ મુંબઇ થી શતાબ્દી એક્સપ્રેસમાં ઉપરની વિગતનો નશીલા પદાર્થનો જથ્થો અમદાવાદ ખાતે લઇ આવેલ હતો. અને આ નશીલા પદાર્થનો જથ્થો અમદાવાદ ખાતે સલાપસરોડ ઉપર રહેતા ફીરોજ @ ચોર સ/ઓ મોહમંદ હનીફ શેખ તથા તેની પત્નિ અંજુમને પહોંચતો કરવાનો હોઇ જેથી તેઓની સુચના અનુસાર આરોપીઓ અઝરૂદીન @ અઝહર સ/ઓ સાહબુદીન શેખ તથા અરબાઝ બાબુભાઇ કુરેશી નાઓ સુઝુકી એક્સેસ GJ-01-LW-8658 તથા રોકડા રૂપિયા ૩,૪૦,૦૦૦/ લઇ નશીલા ડ્રગ્સ મેફેડ્રોન તથા કોકીન ની ડીલીવરી લેવા કાલુપુર મોતીમહેલ હોટલની બાજુમાં આવેલ AMTS. બસ

Scanned by CamScanner

સ્ટેન્ડ પાસે ગયેલ હતા. અને રમેશ દિપચંદ રાઠોડનો કાલુપુર રેલ્વે સ્ટેશનથી બહાર આવી નશીલા પદાર્થની ડીલીવરી કરતાં પોલીસે નશીલા પદાર્થ તથા રોકડા રૂ.૩,૪૦,૦૦૦/ તેમજ બીજી મતા મળી કુલ રૂ.૬૭,૨૭,૧૫૦/ ની મત્તા સાથે ઉપરોકત ત્રણેય આરોપીઓની ધરપકડ કરેલ છે.

આ કામે નશીલા પદાર્થનો જથ્થો મંગાવનાર ફીરોજ @ ચોર મોહમંદહનીફ શેખ તથા તેની પત્નિ અંજુમ ના ઘરે ઝડતી તપાસ કરતાં તેના ઘરમાંથી રોકડા રૂ.૩,૦૪,૦૦૦/ મળી આવતાં તે પણ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે. હાલ આ ગુન્હાની વધુ તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ ચલાવી રહેલ છે અને આ નશીલા પદાર્થ મોકલી આપનાર તથા મંગાવનારને ઝબ્બે કરવા વધુ તપાસ જારી છે.

## ગુન્હાહિત ઇતિહાસ

આ કામે નહી પકડાયેલ આરોપી ફીરોજ @ ચોર સ/ઓ મોહંમદ હનીફ શેખનો અગાઉ ગેરકાયદેસરના હથિયાર રાખવા બદલ તેમજ ચેઇન સ્નેચીંગના ગુન્હામાં કારંજ પોલીસ સ્ટેશન માં પકડાયેલ છે તેમજ વ્હીકલ ચોરી ના ગુન્હામાં દરીયાપુર, કાલુપુર તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન માં પકડાયેલ છે.

Scanned by CamScanner